# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 08-04-2026** **EVENING: 7.50 TO 8.00 PM**
**Day : WEDNESDAY** **National News**

## આકાશવાણી સમાચાર સોનલ પરમાર વાંચે છે.

*****************************************************

1. **દેશભરની ખાણો અને પાવર પ્લાન્ટ્સમાં કોલસાનો પૂરતો જથ્થો ઉપલબ્ધ હોવાનું સરકારે જણાવ્યું.**
2. **કેન્દ્રીય મંત્રીમંડળે રાજસ્થાનમાં જયપુર મેટ્રોના બીજા તબક્કાને મંજૂરી આપી.**
3. **કેરલમ, આસામ અને કેન્દ્રશાષિત પ્રદેશ પુડુચેરી વિધાનસભા ચુંટણી માટે આવતીકાલે યોજાનારા મતદાનની તૈયારીઓને આખરી ઓપ અપાયો.**
4. **અમેરિકા અને ઈરાન વચ્ચે થયેલા યુદ્ધવિરામનું ભારતે સ્વાગત કર્યું.**
5. **IPL ક્રિકેટમાં દિલ્હી કૅપિટલ્સ અને ગુજરાત જાયન્ટ્સ વચ્ચે દિલ્હીમાં મુકાબલો.**

…………………………………………………………

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો

# REV.INTER MINISTERIAL-BRIEFING

સરકારે ભારપૂર્વક જણાવ્યું હતું કે દેશભરની ખાણો અને પાવર પ્લાન્ટ્સમાં કોલસાનો પૂરતો જથ્થો ઉપલબ્ધ છે. નવી દિલ્હીમાં પશ્ચિમ એશિયામાં તાજેતરના ઘટનાક્રમ અંગે આંતર-મંત્રીસ્તરીય પરિષદને સંબોધતા, કોલસા મંત્રાલયના સંયુક્ત સચિવ, સંજીવ કુમાર કસ્સીએ જણાવ્યું હતું કે કોલસાના ભાવમાં કોઈ વધારો થયો નથી અને પશ્ચિમ એશિયાના સંઘર્ષને પગલે કોલસાનો પૂરતો જથ્થો જાળવી રખાયો છે.

પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયના સંયુક્ત સચિવ સુજાતા શર્માએ જણાવ્યું હતું કે ઘરેલું ગ્રાહકોને 100 ટકા પુરવઠો સુનિશ્ચિત કરવા માટે પ્રાથમિકતા અપાઈ અને વાણિજ્યિક LPGનો પુરવઠો નિયંત્રિત કરવામાં આવ્યો હતો.

(S/B- SUJATA SHARMA)

દરમિયાન, વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું હતું કે ભારતે અમેરિકા અને ઈરાન વચ્ચે થયેલા યુદ્ધવિરામનું સ્વાગત કર્યું છે. તેમણે કહ્યું કે વિદેશ મંત્રાલયને આશા છે કે આનાથી પશ્ચિમ એશિયામાં કાયમી શાંતિ અને હોર્મુઝ સામુદ્રધુની દ્વારા નેવિગેશનની અવિરત સ્વતંત્રતા અને વૈશ્વિક વાણિજ્ય પ્રવાહ સ્થાપિત થશે.

(S/B- RANDHIR JAISWAL)

# REV. CABINET-DECISIONS

કેન્દ્રીય મંત્રીમંડળે રાજસ્થાનમાં પ્રહલાદપુરાથી ટોડી મોડ સુધીના 41 કિલોમીટર લાંબા જયપુર મેટ્રોના બીજા તબક્કાને મંજૂરી આપી છે. તેમાં 36 સ્ટેશનનો સમાવેશ થશે અને આ પ્રોજેક્ટ માટે 13 હજાર કરોડ રૂપિયાથી વધુ ખર્ચ કરાશે. નવી દિલ્હીમાં કેન્દ્રીય મંત્રીમંડળમાં લેવાયેલા નિર્ણય અંગે માહિતી આપતા કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું, આ પ્રોજેક્ટ રાજસ્થાન મેટ્રો રેલ કોર્પોરેશન લિમિટેડ દ્વારા અમલમાં મુકાશે.

**(S/B- ASHWINI VAISHNAV)**

બીજા તબક્કામાં કોરિડોર સીતાપુરા ઔદ્યોગિક વિસ્તાર, VKIA, જયપુર એરપોર્ટ, ટોંક રોડ, SMS હોસ્પિટલ અને સ્ટેડિયમ, અંબાબારી અને વિદ્યાધર નગર જેવા મુખ્ય પ્રવૃત્તિ નોડ્સને સીમલેસ જોડાણ પ્રદાન કરશે. તેમાં વિમાનમથક વિસ્તારમાં ભૂગર્ભ સ્ટેશનોનો સમાવેશ થાય છે.

આર્થિક બાબતોની કેબિનેટ સમિતિએ HPCL રાજસ્થાન રિફાઇનરી લિમિટેડ પ્રોજેક્ટ ખર્ચ 43 હજાર 129 કરોડ રૂપિયાથી વધારીને 79 હજાર 459 કરોડ રૂપિયા કરવાની મંજૂરી પણ આપી છે. CCEA એ અરુણાચલ પ્રદેશમાં કમલા હાઇડ્રો ઇલેક્ટ્રિક પ્રોજેક્ટના નિર્માણ માટે 26 હજાર કરોડ રૂપિયાથી વધુના રોકાણને મંજૂરી આપી છે.

**(S/B- ASHWINI VAISHNAV)**

# REV. RBI MONETARY POLICY

ભારતીય રિઝર્વ બેંક -RBIએ નીતિગત વ્યાજ દર, રેપો રેટ, 5.25 ટકા પર યથાવત રાખ્યો છે. આ નાણાકીય વર્ષ માટે પ્રથમ દ્વિમાસિક નાણાકીય નીતિની જાહેરાત કરતા, RBIના ગવર્નર સંજય મલ્હોત્રાએ કહ્યું, નાણાકીય નીતિ સમિતિએ તટસ્થ વલણ અપનાવ્યું અને સર્વાનુમતે રેપોરેટને યથાવત રાખવાનો નિર્ણય લીધો છે. સ્ટેન્ડિંગ ડિપોઝિટ સુવિધા દર 5 ટકા, માર્જિનલ સ્ટેન્ડિંગ સુવિધા દર અને બેંક દર 5.5 ટકા પર યથાવત રહ્યો છે.

ગવર્નરે વધુમાં જણાવ્યું હતું કે નિકાસને ટેકો આપવા અને પુરવઠા શૃંખલાઓને સુરક્ષિત રાખવા સરકારે લીધેલા ઘણા પગલાં સંઘર્ષની પ્રતિકૂળ અસરને ઘટાડશે.

**(BYTE : SANJAY MALHOTRA)**

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

---------------------------------------------------------------------------

# KERALAM-POLLS

કેરલમમાં આવતીકાલે સવારે 7 થી સાંજે 6 વાગ્યા સુધી મતદાન યોજાશે.

કેરલમના તમામ 140 મતવિસ્તારોમાં કુલ 883 ઉમેદવારો મેદાનમાં છે. રાજ્યમાં 2 કરોડ 71 લાખ મતદારો છે, અને શાંતિપૂર્ણ મતદાન સુનિશ્ચિત કરવા માટે વિસ્તૃત વ્યવસ્થા કરવામાં આવી છે.30,495 મતદાન મથકો સ્થાપિત કરવામાં આવ્યા છે, જેમાંથી 2,040 ને સંવેદનશીલ તરીકે જાહેર કરવામાં આવ્યા છે. રાજ્યભરમાં લગભગ 76,000 કર્મચારીઓને તૈનાત કરવામાં આવ્યા છે, સમગ્ર રાજયમાં દારૂબંધી લાગુ કરવામાં આવી છે અને મતદાન પૂર્ણ થાય ત્યાં સુધી અમલમાં રહેશે.

દરમિયાન, મતદાનને લીધે આવતીકાલે રજા જાહેર કરવામાં આવી છે. આ પગારદાર રજા ખાનગી સંસ્થાઓના કર્મચારીઓને પણ લાગુ પડે છે, જેથી બધા લાયક મતદારો તેમના મતાધિકારનો ઉપયોગ કરી શકે.

# PUDUCHERRY-POLLS

**પુડુચેરીના તમામ 30 વિધાનસભા મતવિસ્તારોમાં મતદાન સુચારુ રીતે થાય તે માટે તમામ વ્યવસ્થા કરવામાં આવી છે. મતદાન આવતીકાલે સવારે 7 વાગ્યે શરૂ થશે અને સાંજે 6 વાગ્યા સુધી ચાલુ રહેશે.**

**પુડુચેરી, કરાઈકલ, માહે અને યાનમ એમ ચાર પ્રદેશોનો સમાવેશ કરતા આ કેન્દ્રશાસિત પ્રદેશમાં કુલ 9 લાખ 50 હજાર 639 મતદારો છે. જેમાંથી 24 હજાર 919 પહેલી વાર મતદાન કરશે.. કુલ 294 ઉમેદવારો મેદાનમાં છે.**

# TRIPURA-BY-ELECTION

ત્રિપુરામાં ધર્મનગર વિધાનસભા પેટાચૂંટણી માટે મતદાન આવતીકાલે સવારે 7 વાગ્યાથી સાંજે 5 વાગ્યા સુધી યોજાશે. ચૂંટણી અધિકારીઓએ જણાવ્યું છે કે મુક્ત, ન્યાયી અને શાંતિપૂર્ણ મતદાન સુનિશ્ચિત કરવા માટે તમામ જરૂરી વ્યવસ્થા કરવામાં આવી છે.

નિર્વાચન અધિકારી દેબજાની ચૌધરીએ જણાવ્યું હતું કે ચૂંટણી કર્મચારીઓ આજે સઘન સુરક્ષા વ્યવસ્થા હેઠળ જરૂરી ચૂંટણી સામગ્રી સાથે તેમના નિયુક્ત મતદાન મથકો પર પહોંચી ગયા છે. સમગ્ર પ્રદેશમાં કાયદો અને વ્યવસ્થા મજબૂત બનાવવામાં આવી છે, અને સંવેદનશીલ વિસ્તારોમાં નિયમિત પેટ્રોલિંગ ચાલુ છે. 55 મતદાન મથકોમાંથી, 11 ને મોડેલ મતદાન મથકો તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે, જેનું સંચાલન સંપૂર્ણપણે મહિલાઓ દ્વારા કરવામાં આવશે.

# PONDA BY - ELECTION CANCELLED

ગોવામાં બોમ્બે વડી અદાલતે પોંડા વિધાનસભા પેટાચૂંટણી માટેના જાહેરનામાને રદ કરી દીધો છે, જેમાં 9 એપ્રિલે યોજાનાર મતદાન રદ કરવામાં આવ્યું છે. પ્રીતમ હરમલકર અને અંકિતા કામત દ્વારા ચૂંટણી સૂચનાની માન્યતાને પડકારતી અરજીઓની સુનાવણી બાદ આ નિર્ણય લેવામાં આવ્યો છે. ન્યાયાધીશ વાલ્મીકિ મેનેઝેસ અને અમિત જમસંડેકરની ખંડપીઠે જણાવ્યું હતું કે ગોવા વિધાનસભાના વર્તમાન કાર્યકાળને સમાપ્ત થવામાં એક વર્ષથી ઓછો સમય બાકી હોવાથી પેટાચૂંટણી જરૂરી નથી. કોર્ટના આદેશ બાદ, મતદાન રદ કરવામાં આવ્યું છે. ભૂતપૂર્વ મુખ્યમંત્રી અને કૃષિ મંત્રી રવિ નાઈકના અવસાન બાદ પોંડા બેઠક ખાલી પડી હતી, જેના પગલે ચૂંટણી પંચે પેટાચૂંટણીની જાહેરાત કરી હતી.

# JAISHANKAR - BANGLADESH DELEGATION

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર આજે બપોરે નવી દિલ્હીમાં બાંગ્લાદેશના વિદેશ મંત્રી ખલીલુર રહેમાનને મળ્યા અને બાંગ્લાદેશી પ્રતિનિધિમંડળનું સ્વાગત કર્યું. સોશિયલ મીડિયા સંદેશમાં ડૉ. જયશંકરે જણાવ્યું હતું કે બેઠક દરમિયાન તેમણે બંને દેશ વચ્ચેના વિવિધ પાસાઓમાં દ્વિપક્ષીય સંબંધોને મજબૂત બનાવવા અંગે ચર્ચા કરી હતી. તેમણે ઉમેર્યું હતું કે તેઓએ પ્રાદેશિક અને વૈશ્વિક વિકાસ પર પણ વિચારોનું આદાન-પ્રદાન કર્યું અને એકબીજાના સતત સંપર્કમાં રહેવા સંમત થયા.

# JAISHANKAR VISIT

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર આવતીકાલથી મોરેશિયસ અને સંયુક્ત આરબ અમીરાતની સત્તાવાર મુલાકાતે જશે. મુલાકાતના પહેલા તબક્કામાં, નવમી હિંદ મહાસાગર પરિષદમાં ભાગ લેવા ડૉ. જયશંકર મોરેશિયસ જશે. દરમિયાન, વિદેશ મંત્રી મોરેશિયસના વડા સાથે મુલાકાત કરશે અને દ્વિપક્ષીય સંબંધોના તમામ પાસાઓની સમીક્ષા કરશે. તેઓ નવમી હિંદ મહાસાગર પરિષદમાં મુખ્ય વક્તવ્ય પણ આપશે.

ઉપરાંત, ડૉ. જયશંકર અન્ય ભાગ લેનારા દેશોના વિદેશ મંત્રીઓ સાથે પણ ચર્ચા કરશે. આ મુલાકાત ભારતની 'પડોશી પ્રથમ' નીતિ, વૈશ્વિક દક્ષિણનું વિઝન અને તેના પ્રત્યેની પ્રતિબદ્ધતા પર ભાર મૂકે છે. તેમની મુલાકાતના બીજા તબક્કામાં, વિદેશ મંત્રી આ મહિનાની 11 અને 12 તારીખ બંને દિવસ સંયુક્ત આરબ અમીરાતની મુલાકાત લેશે.

# COMMONWEALTH TEAM GUJ VISIT

રાષ્ટ્રમંડળ રમતગમતનું એક ઉચ્ચસ્તરીય પ્રતિનિધિમંડળ આજથી ચાર દિવસ રાજ્યના પ્રવાસે છે. દરમિયાન આ મંડળ વર્ષ 2030માં રાજ્યમાં યોજાનારી રાષ્ટ્રમંડળ રમતની પૂર્વ તૈયારીઓનું નિરીક્ષણ અને અભ્યાસ કરશે. તેમજ અમદાવાદના વીર સાવરકર રમતગમત સંકુલ અને નરેન્દ્ર મોદી સ્ટેડિયમ, E.K.A. ઍરિના સ્ટેડિયમ, વડોદરા ક્રિકેટ સ્ટેડિયમ તથા એકતાનગર સ્ટૅચ્યૂ ઑફ યુનિટી સહિતના મુખ્યસ્થળની મુલાકાત લેશે.

પ્રતિનિધિમંડળે ગાંધીનગરમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સાથે મુલાકાત કરી તેમને આ વર્ષે જુલાઈથી ઑગસ્ટ સુધી યોજાનારી રાષ્ટ્રમંડળ રમત માટે ગ્લાસ્ગો આવવા સત્તાવાર આમંત્રણ પણ આપ્યું.

# IPL GUJARAT MATCH

ઇન્ડિયન પ્રીમિયર લીગ - I.P.L. ટી-20 ક્રિકેટમાં આજે ગુજરાત જાયન્ટ્સ અને દિલ્હી કૅપિટલ્સ વચ્ચે મુકાબલો થઈ રહ્યો છે. દિલ્હીના અરુણ જેટલી સ્ટૅડિયમમાં રમાતી મેચમાં અક્ષર પટેલની આગેવાની હેઠળની દિલ્હીની ટીમે ટૉસ જીતીને બૉલિંગ પસંદ કરી છે.

હાલમાં મળતા અહેવાલ મુજબ, શુબમન ગિલની આગેવાની હેઠળની ગુજરાતની ટીમે 4 ઓવરમાં 01 વિકેટ ગુમાવી 40 રન કર્યા છે. IPLના પૉઈન્ટ ટેબલમાં હાલ દિલ્હીની ટીમ ચાર પૉઈન્ટ સાથે ચોથા અને ગુજરાતની ટીમ નવમા ક્રમાંક પર છે.